**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૨૦ એપ્રિલ ૨૦૦૯**

# રામ નાઈક નાં પ્રચાર માટે અભિનેતા શ્રી મનોજ જોશી

**મુંબઈ,સોમવાર :** ભાજપ નેતા અને ભાજપ - શિવસેના યુતી ના ઉત્તર મુંબઈના લોકસભા મતદાર સંઘના ઉમેદવાર શ્રી રામ નાઈક ના પ્રચાર માટે ગુજરાતી અને મરાઠી નાં લોકપ્રિય અભિનેતા શ્રી મનોજ જોશી પણ ઉત્તર મુંબઈમાં આવ્યાં હતાં. "મતદારોએ રામ નાઈક નું કામ જોઈ તેમને મતદાન કરવાનું છે, તેઓજ ઉત્તર મુબઈનું ખરેખરૂં પ્રતિનિધીત્વ કરી શકશે." આ મુજબનું આવાહ્ન મલાડ ખાતેની પ્રચાર ફેરીમાં શ્રી મનોજ જોશી એ મતદારોને કર્યુ હતું.

દફતરી રોડ ખાતેથી શરૂ થયેલ પ્રચાર ફેરી માં બહોળા પ્રમાણમાં નાગરિક અને કાર્યકર્તા સામેલ થયાં હતાં આ સર્વે ના ઉત્સાહમાં શ્રી મનોજ જોશી ની ઉપસ્થિતીથી બમણો ઉમેરો થયો હતો. તેમાંજ માચ્છીમાર માર્કેટ પાસે પ્રચારફેરી પહોંચ્યા બાદ બજારની કોળી અને માચ્છીમાર સમાજની અન્ય મહિલાઓ પણ ઉમળકાભેર પ્રચારફેરી માં સામેલ થઈ. આગળ રાણી સતી માર્ગ પરથી ખાંડવાલા લેન, દત્ત મંદિર રોડ, હરિનગર, બાણ ડોંગરી ,બોહરાણી માર્ગ, પુષ્પા પાર્ક રોડ ક્ર. ૧, ૨, ૩, પ્રતાપ નગર, સર્વિસ રોડ, ખોતકુવા રોડ, જય ભવાની માર્ગ, બચ્ચાની નગર, હિરા માર્કેટ, વગેરે વિભાગમાં પરિવર્તન રથ પરથી શ્રી રામ નાઈક અને શ્રી મનોજ જોશી એ પ્રચાર કર્યો. આ પ્રચારમાં સામેલ થયેલાં મહિલા અને કાર્યકર્તાઓના ઉત્સાહને જબરો પ્રતિસાદ સ્થાનિક નાગરિકો પણ આપી રહ્યાં હતાં.આ પ્રસંગે શ્રી રામ નાઈકે કહ્યું કે " ચૂંટાઈ આવ્યાં બાદ માચ્છીમારોને તેમની બોટ માટે ડિઝલ પર મળનારી રાહત કોંગ્રેસ સરકારે બંધ કરેલ છે તે ફરી શરૂ કરવાની મારી પ્રાથમિકતા રહેશે.તેજ પ્રમાણે માચ્છીમાર મત્સ્યખેતી કરે છે માટે જ તેમને પણ ખેડૂતોની જેમજ ચાર ટકાનાં દરે લોન મેળવી આપવાનો મારો પ્રયત્ન રહેશે."

ઉકત પ્રચારમાં ભાજપ નગરસેવકદ્વય ડૉ.રામ બારોટ અને ઍડ. જ્ઞાનમૂર્તી શર્મા , તેમજ ભાજપ શિવસેના નેતા સર્વશ્રી વિનોદ શેલાર, અતુલ ભાતખળકર, જગદીશ પટેલ, શ્રીમતી દક્ષા પટેલ, શ્રી ગણપત સાવંત વગેરે પણ સામેલ થયાં હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો.નં. ૯૮૬૭૬૮૯૫૪૦**